NPS ની રકમ તથા HBA, MCA રીફન્ડ અને વિલંબીત વ્યાજની ચુકવણીના દાવાઓ તિજોરીમાંથી ઉગવવા બોર્ડ/ કોર્પોરેશન/ પંચાયત/ નગરપાલીકા/ મહાનગરપાલીકા ને અધિકૃત કરવા બાબત....

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: તજર/૧૦૨૦૧૬/ ૯૦(૪૨૪૯૦૧)/ઝ
સચિવાલય,ગાંધીનગર
તા.૦૭/૦૯/૨૦૧૬

વંચાણે લીધા: (૧) નાણા વિભાગનો તા.૧૫/૪/૧૯૯૧નો ઠરાવ ક્રમાંક: તજર-૧૦૮૦-૧૪૪૭-ઝ,
(૨) નાણા વિભાગનો તા.૨૧/૭/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: તજર-૧૦૦૫-૨૪૧-ઝ,
(૩) નાણા વિભાગનો તા.૭/૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: તજર-૧૦૦૫-૨૪૧(૧૧)-ઝ,
(૪) નાણા વિભાગનો તા.૩/૧૧/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૦૭-૧૧૪૧-ઝ

પ્રસ્તાવના:

ઉકત વંચાણે લીધેલ ક્રમાંક:(૪) પરના ઠરાવથી બોર્ડ/કોર્પોરેશન/પંચાયત/નગરપાલીકા/ મહાનગરપાલીકા ની વિવિધ કચેરીઓમાં પ્રતિનિયુકતિના ધોરણે ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ/અધિકારીઓની હંગામી/લાંબાગાળાની પેશગી (HBA,MCA)/ પ્રોવિડન્ટ ફંડ/ જુથવીમા યોજના જેવા દાવાઓના ચુકવણા માટે સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. પરંતુ NPS ની રકમ તથા HBA, MCA રીફન્ડ, વિલંબીત વ્યાજ વગેરેની ચુકવણીના બીલોના દાવાઓ તિજોરી કચેરીમાંથી ઉગવવા માટે ફોર્મ નિયત થયેલ ન હોવાથી આ સંસ્થાઓમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ/અધિકારીઓના દાવાનું ચુકવણું કરવામાં મુશ્કેલી થાય છે. આથી, કાળજીપૂર્વકની વિચારણાને અંતે વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના ઠરાવની સુચના ક્રમાંક: ૧ થી ૫ યથાવત રાખી તેમાં નીચે મુજબની સુચના ક્રમાંક:૬ ઉમેરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

(૬) બોર્ડ/કોર્પોરેશન/પંચાયત/નગરપાલીકા/મહાનગરપાલીકા ના જાહેર થયેલ ઉપાડ અધિકારીઓએ તેઓની કચેરીઓના કર્મચારીઓ/અધિકારીઓ તથા પ્રતિનિયુકતિના ધોરણે ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ/અધિકારીઓના NPS ની રકમ તથા HBA, MCA રીફન્ડ, વિલંબીત વ્યાજ વગેરેની ચુકવણીના દાવાઓના ચુકવણા નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી દ્વારા આપવામાં આવતી ઓથોરેટીના આધારે સીમ્પલ રીસીપ્ટ બીલ ફોર્મમાં રજુ કરી તિજોરી કચેરીમાંથી ઉગવવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. કે. પટેલ)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર